# ગુજરાતની સાચી ઓળખ

**૧, મે ૨૦૧૭ના રોજ ગુજરાત રાજ્યે પોતાનો ૫૮મો સ્થાપનાદિન ઉજવ્યો. પોતાના અલગ સ્વતંત્ર અસ્તિત્વના ૫૭ વર્ષ પૂરાં કરી ૫૮મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો. આ પ્રસંગે અહીં રવિશંકર મહારાજે ૧, મે ૧૯૬૦ના રોજ ગુજરાતના સ્થાપનાદિને આપેલા વક્તવ્યના અંશો રજૂ કર્યા છે.**



૧, મે ૨૦૧૭ના રોજ ગુજરાત રાજ્યે પોતાનો ૫૮મો સ્થાપનાદિન ઉજવ્યો. પોતાના અલગ સ્વતંત્ર અસ્તિત્વના ૫૭ વર્ષ પૂરાં કરી ૫૮મા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો. આ પ્રસંગે રાજ્યના વાતાવરણનું સમગ્રલક્ષી અવલોકન અને વિશ્લેષણ કરતા એવું જણાય છે કે આ ૫૭ વર્ષના સમયગાળામાં ગુજરાતે શાંતિપૂર્વક ઘણી પ્રગતિ કરી હોવા છતાં જે મૂળભૂત હેતુઓ સાથે તેની સ્થાપના થઇ હતી તેની પૂર્તિ બાબતે પુનઃ વિચાર કરવાનો આ યોગ્ય અવસર છે.

આ હેતુથી જ ૧, મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ગુજરાતની મૂળભૂત ઓળખને ઉજાગર કરતું જે વક્તવ્ય રવિશંકર મહારાજે સાબરમતી આશ્રમ ખાતે આપેલું તેના કેટલાક અંશો અહીં રજૂ કર્યા છે.

"આજે ગુજરાત રાજ્ય સ્થપાઇ રહ્યું છે તે વખતે પૂ. ગાંધીજીની ભવ્ય મૂર્તિ અને એમણે આપેલો ભવ્ય વારસો તેમજ આ સ્થળે રહીને આપણને શીખવેલા અનેક પાઠો પણ નજર સમક્ષ તરવરે છે. વળી, ગુજરાતના ઘડવૈયા તેમજ આપણને સૌને પ્રિય એવા પૂ. સરદારશ્રીનું આ પ્રસંગે સ્મરણ થાય છે. દેશને માટે જેમણે નાનીમોટી કુરબાની તેમજ પ્રાણ આપ્યાં છે, તે સૌ નામીઅનામી રાષ્ટ્રવીરોને આદરભાવે વંદન કરું છું.

રાષ્ટ્રપિતા ગાંધીજીની નજર સમક્ષ દરેક ક્ષણે ભારતનું ગામડું અને ગામડાંની પ્રજા રહેતી. એમના વિકાસમાં એ ભારતનો વિકાસ જોતા. આપણા ગુજરાતના ગામડાંમાં કુશળ, ખંતીલા અને ખૂબ મહેનતુ ખેડૂતો છે. આપણે ત્યાં ભણેલા ન હોવા છતાં ધંધા-રોજગાર ચલાવવામાં અતિશય કુશળ એવા સુંદર કારીગરો છે. વહાણવટું કરવામાં કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડુઓ પણ છે અને ગુજરાતની પ્રજા પાસે અર્થવ્યવહારમાં કુશળ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો પણ છે.

આપણે ત્યાંની માનવશક્તિનો અને કુદરતી બક્ષિસોનો ઉપયોગ થાય તો આપોઆપ સંપત્તિ અને સમૃદ્ધિ પણ વધવાની અને યોગ્ય વહેંચણી પણ થવાની. આવું કરવું હશે તો આપણે ખેતી અને ગોપાલન તરફ આજે આપીએ છીએ તેથી પણ વિશેષ ધ્યાન આપવું પડશે. ભૂમિ એ કદી શોષણનું સાધન ન બનવી જોઇએ. એ તો પોષણનું સાધન બનવી જોઇએ. આપણું ગોધન અને પશુધન ખાંડુંમાંડું હવે નહીં ચાલે. પણ જોઇને આંખ ઠરે એવું એવું ગોધન હોવું જોઇએ. જે દેશમાં ઘી-દૂધની નદીઓ વહેતી એ દેશમાં ઘી-દૂધ મળવાં દુર્લભ થાય એ તો આપણી કેવી દુર્દશા કહેવાય! એ સ્થિતિ ટળવી જ જોઇએ.

પ્રાથમિક શિક્ષણના પ્રથમ સાત ધોરણમાંથી સ્વ. ખેરસાહેબની મુંબઇ સરકારે અંગ્રેજીને બાદ રાખવાની જે નીતિ વર્ષો પહેલાં જાહેર કરીને અમલમાં આણી છે એ બહુ ડહાપણભરી નીતિ છે એને ગુજરાત રાજ્ય બહુ દઢતાપૂર્વક વળગી રહેશે. શિક્ષણનું ધોરણ ઉતરી ગયું છે. એને ઊંચું લાવવા શું કરવું જોઇએ એની પણ ખૂબ વિચારણા કરવી પડશે.

વિક્રમરાજાની માફક આપણા મંત્રીઓ કે અધિકારીઓ ભલે વેશપલટો કરીને નગરચર્યા જોવા ન નીકળે પણ કોઇ પણ ખાતાની ઓફિસ ઉપર કે ચાલુ કામ ઉપર કોઇ પણ જાતના દોહા કે જાહેરાત કર્યા વિના કોઇ કોઇ વખત જઇ પહોંચવાનો શિરસ્તો પાડશે તો એમને ઘણું જાણવાનું મળશે અને કર્મચારીઓને એમનું કામ ઝડપથી અને સુંદર રીતે પાર પાડવાની ચાનક ચડશે.

ભણેલા તેમજ અભણને કામધંધો આપવો એ આજની મુખ્ય સમસ્યા છે. એ માટે ખાદી અને ગ્રામોદ્યોગ જેવા યોગ્ય ધંધા-રોજગાર શરૂ કરવા. જે ધંધાને રક્ષણ આપવાની જરૂર હોય તેને રક્ષણ આપવું અને વધુ બેકાર બનતા અટકે એવી શિક્ષણપ્રણાલી ઊભી કરવી એમાં આપણી સફળતાની ચાવી પડેલી છે. દારૂબંધી અંગે આપણી જે નીતિ છે તે ખરેખર શ્રેષ્ઠ છે તે ચાલુ રહેવી જોઇએ. તેને સંપૂર્ણપણે સફળ બનાવી શકીએ તો દેશને બહુ મોટો ફાયદો થાય.

આપણી પાસે ગુજરાતની બહુ મોટી કોમ, આદિવાસી- જે જંગલમાં પડી છે તે કરકસર અને મહેનતથી જીવે છે પણ અજ્ઞાનતામાં જીવે છે. આ કોમની ઉન્નતિ માટે આપણે ખૂબ લક્ષ આપવું પડશે."

('દુગ્ધપર્વ' પુસ્તકમાંથી સાભાર)